ગાંધીનગર સમાચાર

નવા સરકારી આવાસો બાંધવા સેકટરોમાં આવાસોનો સર્વે શરૂ




(તસવીર : કશ્યપ નિમાવત)

કોર્પોરેશનની સામાન્ય સભામાં મહીલા મેયર પર હુમલો થયો હોવાના આક્ષેપ સાથે મહાનગરપાલિકાના ભાજપના સભ્યોએ શનિવારે કોંગ્રેસના સભ્યોને ભગવાન સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના સાથે પ્રતિક ધરણાં કર્યા હતા.

# ગાંધીનગર-કોબા-હાંસોલ એકસ્પ્રેસ-વે કોરીડોરનો પ્રોજેકટ પડતો મુકવા નિર્ણય

## એકસ્પ્રેસ વે ના પ્રાથમિક કામમાં જ ૪૮૨૮ વૃક્ષો કાપવા પડે તેવી સ્થિતિઃ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે હરિયાળીના જતન માટે સંવેદનશીલતા દાખવીઃ પ્રકૃતિ પ્રમીઓમાં પણ ફીલગુડ

ગાંધીનગર તા ૨

અમદાવાદ ગાંધીનગર વચ્ચે સલામત અને ઝડપી વાહનવ્યવહાર માટે એકસ્પ્રેસ વે કોરીડોર બનાવવાનો મહત્વકાંક્ષી પ્રોજેકટ પર્યાવરણ બચાવોના અભિગમ સાથે પડતો મુકવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અન્વયે ૪૮૨૮ વૃક્ષો કાપવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. જયારે હરિયાળીનો સોથ વળે તેમ હોવાથી મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રકૃતિ પ્રેમ દાખવી તાત્કાલિક આ પ્રોજેકટનુ કામ બંધ કરી દેવા આદેશ કર્યો છે. ગ્રીન સીટી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે હરિયાળીને આમપણ નુકશાન થયુ છે. ત્યારે મુખ્યમંત્રીએ આ મામલે સંવેદનશીલતા દાખવી પ્રકૃતિના ભોગે કોરીડોરનુ સ્વપ્ન સાકાર કરવા સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ ગાંધીનગર વચ્ચે સરળ અને ઝડપી વાહન વ્યવ્હાર ઉપલબ્ધ થાય તે માટે વર્ષ ૨૦૦૬-૦૭માં ગાંધીનગર કોબા હાંસોલ માર્ગને એકસ્પેસ વે કોરીડોર તરીકે વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.જેના અંતે પ્રથમ તબક્કે બંન્ને બાજુના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે બીજા તબક્કામાં હયાત મુખ્ય માર્ગ પર ક્રોસ સ્ટ્રકચર

● અનુસંધાન પાન-૭ પર

# નવા સરકારી આવાસો બાંધવા સેકટરોમાં આવાસોનો સર્વે શરૂ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરમાં ટાવર કોલોની બનાવવા માટેનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે. જયારે આ અન્વયે આગામી સમયમાં અન્ય નવા બ્લોક બનાવવા માટે હાલ સેકટરોમાં આવાસોની વિગતો એકત્રિત કરવા સર્વે પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલના તબક્કે

**ટાવર કોલોની અન્વયે સે-૭ અને સે-૧૩માં નવા બ્લોક બાંધવાનુ કામ ટુંકમા શરૂ થશે : વધુ બ્લોક બનાવવા માટે પણ આયોજન અભ્યાસ શરૂ**

સે-૭ અને સે-૨૯માં નવા આવાસો બનાવવાનુ કામ શરૂ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે સેકટરોમાં કર્મચારીઓના વસવાટ માટે જુદી જુદી કેટેગરીના આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો બાંધવામાં આવ્યા હતા.દાયકાઓના અંતે સેકટરોમાં સ્થિત આવાસો જાળવણીના અભાવે કંગાળ બનતા રહેણાંકની દ્રષ્ટીએ પણ જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા સરકારી આવાસોના મજબુતીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા તબક્કાવાર આવાસોનુ મજબુતીકરણ કરવામાં

**સે-૭માં ટાવર કોલોનીના નિર્માણ માટે માર્ગ મકાન મંત્રીના હસ્તે સોમવારે ખાતમુર્હત**

સે-૭ માં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે ખુલ્લી થયેલી વિશાળ જગ્યામાં સરકાર દ્વારા નવા સરકારી આવાસોનુ નિર્માણ કરવામાં આવનાર છે. આ ટાવર કોલોનીને કોર્પોરેટ લુક આપવામાં આવશે જયારે અદ્યતન ટાવર કોલોનીમાં કર્મચારીઓના રહેણાંકને લગતી તમામ જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં આવશે. ટાવર કોલોનીનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે જયારે સે-૭માં નિર્માણ થનારી અદ્યતન કોલોનીને અનુલક્ષી સોમવારે ખાતમુર્હત કરવામાં આવશે. તા ૪ જાન્યુઆરીના રોજ માર્ગ મકાન મંત્રી નીતિન પટેલના હસ્તે ખાતમુર્હત કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ભાજપના સત્તાધીશોની ચોરી પર સીનાજોરી : વિપક્ષોનો આક્રોશ

## દરેક સભામાં તુ..તુ.. મેં..મેં થતી હોય છે, હાથ લાંબો કરીને દલીલ કરવી તે હુમલો ન કહેવાય : વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર મહાનગરપાલિકાની તોફાની



મહાનગર પાલિકાના વહીવટમાં ભાજપના સત્તાધીશો દ્વારા ચોરી પર સીનાજોરી થતી હોવાના આક્રોશ સાથે શનિવારે કોંગ્રેસ દ્વારા ધરણાં કરી વિરોધ કરવામાં આવ્યો હતો. (તસવીર : દિપક જાની)

સામાન્ય સભામાં મહીલા મેયરને ધક્કે ચઢાવાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ આજે મહાનગરપાલિકાના વિપક્ષ દ્વારા કોર્પોરેશનના સત્તાધીશો ચોરી પર સિનાજોરી કરતા હોવાનો સુર ઉઠાવ્યો છે. વિપક્ષના નેતાએ જણાંવ્યુ હતુ કે સામાન્ય સભામાં સત્તાનો દુરઉપયોગ કરી વિપક્ષનો અવાજ દબાવાનો પ્રયાસ કરવામાં આવી રહયો હતો. ત્યારે હાથ લાંબા કરીને દલીલ કરવી તેને પણ હુમલો કહી રીતે કહી શકાય દરેક સામાન્ય સભામાં તુ.. તુ.. મેં.. મેં.. થતી હોય છે. ત્યારે ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

વિશ્વા મંડપ ડેકોરેટર્સ
કેટરર્સ
દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.
● પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
● અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
● શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬


પેથાપુર ગામમાં કચરિયાની ઘાણી...
શિવમ્ ઘાણી કચરિયું
જુના અને જાણીતા કચરિયું, ચીકી તેમજ અવનવી વેરાઈટીઝમાં કચરિયું મળશે. તેમજ કચરિયું આપના તલ લાવી આપશો તો કચરિયું કાઢી આપવામાં આવશે. અમારે ત્યાંથી સૂંઠ, ગંઠોડા, બદામ, કાજુ, તલ, ગોળ પણ મળશે.
ખોડિયાર કિરાણા સ્ટોર્સ
પ્રો. સતિષકુમાર સોમચંદ મોદી
રામદેવ મંદિરની બાજુમાં, પેથાપુર. મો. : ૯૮૨૪૪૨૦૩૩૯

સ્મરણાંજલિ



● શુભ કર્મ કરનારની ક્યારેય પણ દુર્ગતિ થતી નથી.
● જેમ અગરબત્તીની સુવાસ સમગ્ર વાતાવરણને સુગંધીત બનાવે છે તેમ સદ્દગુણોની સુવાસ માનવ જીવનને સુગંધિત બનાવે છે. તારા સદ્દગુણોની, પ્રેમની સુવાસ અમારા જીવનમાં સદૈવ પ્રસરેલી રહેશે.

એકાંતમાં રડી લઈશું, જ્યારે આવશે તારી યાદ, કુદરત રૂઠે ત્યાં કોને કરવી ફરીયાદ, હસીને હસાવનાર સદાબહાર અમોને રડાવી ગઈ, તારી અણધારી વિદાય એવી લીધી કે, અમારે ભરબપોરે સુરજ આથમી ગયો, તારો લાગણીશીલ સ્વભાવ ક્યારેય વિસરાશે નહિ. અનેતારી ખોટ કદી પુરાશે નહિ.

શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે. અંજલી આપતા દીલ રોવે છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. સિલ્કી બિન્દેશભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. ૨૮/૧૨/૨૦૧૫

લિ.
પટેલ બિન્દેશભાઈ જગદીશભાઈ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com